# March-2022

| | |
|---|---|
| તારીખ 1 માર્ચ મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે નૃત્ય વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા શિવ તાંડ્વ સ્ત્રોત પર આધારિત શાસ્ત્રીય નૃત્ય નુ શુટીંગ કર્યુ હતુ. જેની વિડીયો કલીપ તૈયાર કરી પહેલીવાર કોલેજની યુ-ટ્યુબ ચેનલ ઉપર રજુ કરવામા આવ્યુ હતુ. |  |
| તારીખ 5 માર્ચ ગુજરાત સમાચાર દ્વારા આયોજીત નાટ્ય સ્પર્ધામા બહારગામની શ્રેષ્ઠ એકાંકી તરીકે આપણી કોલેજ દ્વારા ભજવવામા આવેલ એકાંકી નાટ્ક 'બિરાડ'ને શ્રેષ્ઠ એકાંકી તેમજ રૂ. ૫૦૦૦/- પારિતોષિક આપવામા આવ્યો હતો. તેમજ INT દ્વારા આયોજીત નાટ્ય સ્પર્ધામા કોલેજ દ્વારા ભજવવામા આવેલ બિરાડ નાટ્કના સ્પર્ધક કુ.રિચા શાહ ને શ્રેષ્ઠ અભિનેત્રીના એવોર્ડથી નવાજવામા આવ્યા હતા. |  |
| તારીખ 6 અને 7 માર્ચ વિ.એન.એસ.જી.યુ દ્વારા આયોજીત યુવક મહોત્સવ – ૨૦૨૨ મા આપણી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્પર્ધામા ભાગ લેવામા આવેલ. જેમા શાસ્ત્રીય વાદ્ય સંગીતમા આપણી કોલેજના વિદ્યાર્થી પાનવાલા કર્ષ એ પ્રથમ, એકાંકી નાટકમા કોલેજના વિદ્યાર્થી રાહુલ સોનવણે દ્વારા દિગ્દર્શિત નાટ્ક 'બિરાડ'ને પ્રથમ, એક્પાત્રીય અભિનયમા કુ. રીચા શાહ એ પ્રથમ, સંગીત વિભાગ ના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ સમુહગીત ને તૃતીય અને શાસ્ત્રીય નૃત્યમા કુ.હીરલ બલસારા એ દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. જે દલ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. |  |

| | |
|---|---|
| તારીખ 15 માર્ચ કલેકટરશ્રી દ્વારા આયોજીત ઓલ ઇંડિયા મતદાન જાગૃતિ અભિયાન સ્પર્ધામા નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા મતદાતા જાગૃતિ પર એક ક્લિપ તૈયાર કરી મોકલેલ હતી. |  |
| તારીખ 18 માર્ચ હોળી પર્વ નિમિત્તે સંગીત ભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા રાગ પહાડી પર આધારિત ગીત 'રંગી સારી' પ્રસ્તુત કરવામા આવ્યુ અને નૃત્ય વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા આ ગીત પર સેમી ક્લાસિકલ નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું. જેની વિડીયો ક્લીપ તૈયાર કરી કોલેજની યુ-ટ્યુબ ચેનલ પર અપલોડ કરવામા આવ્યુ હતુ. |  |

Click Here….. For Photo Gallery